મુંઝવણ સાથે દોડવા કરતાં આત્મવિશ્વાસ સાથે ધીમે ધીમે ચાલવું સારૂં
- એસ.ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૬ | ૬ જૂન, ૨૦૧૪, શુક્રવાર; જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં રવિપાકની વાવણીનો આરંભ

## ૨૦ હજાર હેક્ટરમાં કપાસ અને ૨ હજાર હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર સંપન્ન : કપાસમાં ત્રણ થી ચાર જાતોનું વાવેતર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો આરંભ થઈ ચુક્યો છે અને ખેડૂતોએ અત્યાર સુધીમાં વીસ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસ તથા બે હજાર હેક્ટરમાં શાકભાજીના પાકોના વાવેતરની વાવણી સંપન્ન કરી દીધી છે.

સારા ચોમાસાની આશાએ ખેડૂતોમાં આ વખતે વાવણીનો સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા ખેતીવાડી તંત્રએ પણ ૧ લાખ ૬૦ હજાર હેક્ટરમાં વાવેતર થશે તેવા અંદાજો સાથે પાક આયોજન તૈયાર કરેલ છે.

ખેડૂતો આ વખતે પણ કપાસ અને અન્ય પાકોનું વાવેતર સારૂ એવું કરશે તેમ મનાઈ રહ્યું છે. કપાસમાં પણ બી.ટી. ડોટનની ત્રણથી ચાર જાતોનું વાવેતર થઈ રહ્યું છે. શરૂઆતમાં પસંદગીની જાતોના બિયારણથી થોડીક તંગી હતી પરંતુ આ પછી બીજ નિગમમાં જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

# આચાર સંહિતા અને ઉત્સવોના પગલે કચેરીઓમાં પ્રજાના પ્રશ્નોના ખડકલા

## શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, ગ્રામસભાઓ, મેલેરિયા વિરોધી માસ, મહિલા સંમેલન સહિત અનેક સરકારી કાર્યક્રમો આ માસમાં

ગાંધીનગર, તા. ૫

જિલ્લા તંત્ર ચૂંટણીની આદર્શ આચારસંહિતા પૂર્ણ થયા બાદ સરકારી કાર્યક્રમો અને વેકેશનના માહોલમાં એવુ અટવાયુ છે કે પ્રજાના કામો તો હજુ અટવાયેલા જ પડ્યા છે.


આદર્શ આચાર સંહિતાના અમલને પગલે જે વિકાસના કામો સ્થગિત થયા હતા તે પણ હજુ અટવાયેલા જ પડ્યા છે. તો બીજી તરફ ચૂંટણીને કારણે વેકેશન બાળકો શાથે નહિ ગુજારી શકનાર તંત્રના અધિકારીઓ વારાફરતી રીતે રજા પર જઈ રહ્યા છે તેમજ લગ્નસરા અને સરકારી કાર્યક્રમોના આયોજન તેમજ અન્ય કાર્યક્રમોમાં અને મીટીંગોમાં વ્યસ્ત હોવાથી પ્રજાના પ્રશ્નો અટવાયેલા પડ્યા છે.

ગરમીનો પ્રકોપ પણ હોવાથી લોકો હવે કચેરીઓના ધક્કા ખાવાનું પસંદ કરતા નથી. જો કે ગરમીને પગલે જનસેવા કેન્દ્ર વહેલી સવારે નવ વાગે શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પણ પડતર પ્રશ્નોના ઉકેલ માટે હજુ તંત્રની ગાડી ગિયરમાં પડી નથી.

બીજી તરફ જે થોડા ઘણા કર્મચારીઓ છે તેમને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જવાબદારીમાં વ્યસ્ત હોવાથી પ્રજાના પ્રશ્નો સાંભળવાની પણ ફુરસદ પણ તંત્રના અધિકારીઓને ઓછી છે.

આજ મહિનામાં ગ્રામસભાઓ, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, મહિલા ખેડૂત સંમેલન સહિતના અર્ધોડઝનથી વધુ સરકારી કાર્યક્રમોનું આયોજન છે. તો બીજી તરફ ખેતીની સીઝન ચાલી રહી છે પણ ખેડૂતોના પ્રશ્નો જેવા કે વીજળી, પાણી સહિતના ક્યારે હલ થશે તેની ચિંતા સૌને સતાવી રહી છે. આદર્શ આચાર સંહિતા બાદ સતત સરકારી કાર્યક્રમોની વ્યસ્તતાએ કર્મચારીઓ અને પ્રજાજનો વચ્ચે સંતાકૂકડીની આ રમત બરાબર જામી છે.

# નવાઝ શરીફે હિરાબા માટે સાડી મોકલાવી



## નરેન્દ્ર મોદીએ નવાઝ શરીફના માતા માટે શાલ આપી હતી તેના પ્રતિભાવ રૂપે પાકિસ્તાનના વડાપ્રધાને હિરાબાને સાડીની ભેટ મોકલી બંને દેશો વચ્ચે નવા જ પ્રકારના ભાવનાત્મક સંબંધોની શરૂઆત

ગાંધીનગર, તા.૫

નરેન્દ્ર મોદી એ ભારતના વડાપ્રધાન પદની ગાદી સંભાળતાની સાથે જ ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં નવો વળાંક આવ્યો છે. નરેન્દ્ર મોદીએ તેમની શપથવિધિમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્ર્યા હતા અને તેમની સાથેની મુલાકાત દરમિયાન શુભેચ્છા પ્રતિક રૂપે નવાઝ શરીફની માતા માટે એક શાલ ભેટ આપી હતી. આજે આ વ્યવહારના વળતા પ્રતિભાવ રૂપે નવાઝ શરીફે નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબા માટે એક સાડી મોકલાવી હતી.

જયારથી નરેન્દ્ર મોદીએ તેમના શપથવિધી સમારંભમાં અત્યાર સુધી ભારતના દુશ્મન નં. ૧ મનાતા પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ આપ્યું હતું ત્યારથી ઘણા લોકોની આંખોના ભવા ઉંચા ચઢી ગયા હતા. નવાઝ શરીફે પણ પોતાના દેશમાંથી મળેલી ધમકીઓની અવગણના કરીને પણ નરેન્દ્ર મોદીનું આમંત્રણ સ્વીકારી પોતે બંને દેશો વચ્ચેના સંબંધોમાં

● અનુસંધાન પાન-૭ પર

## NEWS વિશેષ

● **સુષ્મા સ્વરાજના સંસ્કૃતમાં શપથ**

ભાજપના વરિષ્ઠ અગ્રણી અને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે



આજે સંસદસભ્ય તરીકે સંસ્કૃતમાં શપથ ગ્રહણ કર્યા હતા. સુષ્મા ઉપરાંત કેન્દ્રિય મંત્રીઓ સર્વશ્રી ઉમા ભારતી અને ડૉ. હર્ષવર્ધને પણ સંસ્કૃતમાં શપથ ગ્રહણ કરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

● **ભારતમાં દરરોજ ૪૬૧ લોકો માર્ગ દુર્ઘટનામાં મૃત્યુ પામે છે**

કેન્દ્રિય મંત્રી ગોપીનાથ મુંડેનું કાર અકસ્માતમાં નીધન થતા ફરી એકવાર ચર્ચાએ જોર પકડ્યું છે કે ભારતના માર્ગો કેટલા સલામત છે. એક સર્વે અનુસાર ભારતમાં દરરોજ ૪૬૧ લોકોના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે જ્યારે ઘણા લોકો ઘાયલ થાય છે. સડક દુર્ઘટનામાં દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૨ લાખ લોકોના જીવન હોમાયા છે.

● **સંસદ સંકુલમાં અડવાણી માટે કોઈ રૂમ નથી**

નવ નિર્વાચિત ૧૬મી લોકસભા આજથી વિધિવત આરંભાઈ છે. પક્ષોના નેતાઓ, મંત્રીઓ અને પદાધિકારીઓને જુદા જુદા કક્ષ પદ મુજબ ફાળવી અપાયા છે. પ્રથમ વખત ભાજપના કદાવર



નેતા અને વરિષ્ઠ સાંસદ લાલકૃષ્ણ અડવાણી માટે કોઈ રૂમની ફાળવણી કરવામાં આવી નથી. અગાઉના વર્ષોમાં મંત્રી તરીકે, વિરોધ પક્ષના નેતા તરીકે કે એનડીએના ચેરમેન તરીકે કાર્યાલય માટે રૂમ ફાળવાયા હતા.

● **દિલીપકુમારની બાયોગ્રાફી લોન્ચનું ફંકશન ભવ્ય હશે**

નવમી જુને દિલીપકુમારની બાયોગ્રાફી 'સબસ્ટન્ટ એન્ડ ધ શેડો'નું ઈનોગરેશન થશે ત્યારે એ



બોલીવુડ માટે યાદગાર રહેશે. બાયોગ્રાફી લોન્ચ ફંકશનનું હોસ્ટીંગ કરણ જોહર કરશે. જ્યારે બુકનું લોકાર્પણ અમિતાભ બચ્ચન અને આમીરખાન કરશે. જ્યારે સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકર પણ ફંકશન માટે ગાશે. આ ઉપરાંત એક ડોક્યુમેન્ટરી પણ દર્શાવવામાં આવશે.

# સે. ૨૦ના ઉદ્યોગપતિની કાર પર એસીડ નાંખી ખંડણી માંગનાર ગેંગ ઝડપાઈ

## શેરબજારમાં દેવું થઈ જતાં અમદાવાદની ત્રિપુટીએ પ્લાન ઘડ્યો હતો : મુખ્ય સુત્રધાર કોન્ટ્રાક્ટનો વીમા એજન્ટ હતો : રૂપિયા નહિ આપે તો આવી જ રીતે પરિવાર પર એસિડ હુમલો કરવાની ધમકીભરી ચિઠ્ઠી મોકલી હતી : અમદાવાદમાં પિતરાઈ ભાઈને પણ આ જ પ્રકારે ધમકી આપીને ખંડણી માંગી હતી : એલસીબીએ ત્રણેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૫

ગત મહિના દરમ્યાન શહેરના પોશ વિસ્તાર સે-૨૦ માં કોન્ટ્રાક્ટરની બીએમડબલ્યુ કાર પર એસીડ ફેંકીને રૂ.૫ કરોડની ખંડણી માંગી પરિવારજનોને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના -કરણમાં ગાંધીનગર એલસીબી પોલીસે ખંડણીખોર ત્રિપુટીને ઝડપી લીધી છે. માઈનીગ કોન્ટ્રાક્ટરનો વીમા એજન્ટ આ ખંડણી -કરણનો મુખ્ય સુત્રધાર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ જ મુખ્યસુત્રધાર આરોપીએ અમદાવાદમાં તેના પિતરાઈ ભાઈને પણ એસીડ કાર પર ફેંકીને નામ બદલી ખંડણી ઉઘરાવવાનો નિષ્ફળ -યાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને ઝીણવટભરી તપાસ માટે રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.




શહેરમાં ગુનાખોરીનું -માણ વધી રહ્યું છે ત્યારે હવે ખંડણી માંગી પરિવારજનોના જીવ સામે જોખમ ઉભું કરવા સુધી ગુનેગારોની હિંમત વધી ગઈ છે. ગત મહિના દરમિયાન હાઈ -ોફાઈલ ગણાતા શહેરના સેક્ટર-૨૦ માં રહેતા માઈનીગ કોન્ટ્રાકટરના પરિવારજનો ખંડણીખોરોની ધમકીઓનો ભોગ બન્યા હતા. ગત તા.૨૩ મે ના રોજ સે-૨૦ માં રહેતા માઈનીગ કોન્ટ્રાકટર અબજીભાઈ કરમશીભાઈ ઘોરુંની બીએમડબલ્યુ કાર પર કેટલાક તત્વોએ એસીડ ફેંકયો હતો. ડ્રાઈવરે આ મામલે અબજીભાઈનું ધ્યાન દોરતા કોઈ રમતિયાળ બાળકે કર્યું હોવાનું અનુમાન લગાવી આ બાબતને ગંભીરતાથી લીધી ન હતી. પરંતુ બનાવના બીજા દિવસે જ ખંડણી -કરણના એક હિન્દી ભાષી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના મનપાના સેક્રેટરી જોશીનું રાજીનામુ

## બંધારણીય જગ્યાઓ પણ પુરી ભરાઈ નથી ત્યાં સેક્રેટરીના રાજીનામાથી વહીવટીય પાસુ વધુ નબળુ પડયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્રેટરી શ્રી પિનાકીન જોશીએ તેમના હોદ્દા પરથી રાજીનામુ આપી દેતાં મહાનગરપાલિકામાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

શ્રી પિનાકીન જોશીએ કૌટુંબિક કારણોસર પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યાનું રાજીનામાના પત્રમાં જણાવ્યું છે જો કે રાજીનામું મંજૂરી માટે કમિશનર કચેરીમાં પડતર છે. પરંતુ શ્રી જોશી છેલ્લા ત્રણેક દિવસથી કોર્પોરેશનની કચેરીએ આવતા નથી. શ્રી જોશી સેક્રેટરી તરીકે અગાઉ વડોદરા મહાનગરપાલિકામાં સેવાઓ આપતા હતા. આ પછી નિવૃત્તિ બાદ તેઓ મેયર્સ કાઉન્સીલમાં પણ સેવારત રહ્યા હતા. ગાંધીનગરને મહાનગરપાલિકા મળતાં જ તત્કાલીન કમિશનર શ્રી સી.આર. ખરસાણ તેમને અહીં ફરજ બજાવવા માટે ખાસ આગ્રહ કરીને લઈ આવ્યા હતા.

શ્રી જોશી અત્યંત અનુભવી હતા અને તેમણે ગાંધીનગર કોર્પોરેશનમાં પણ ચૂંટાયેલી પાંખ અને કમિશનરેટ વચ્ચે સેતુ તરીકેની સારી સેવાઓ બજાવી હતી.

શ્રી જોશીએ એકાએક જ આ રાજીનામુ ધરી દેતાં રાજકીય વર્તુળોમાં પણ તે ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે. કોર્પોરેશનમાં બંધારણીય જગ્યાઓ પણ કોર્પોરેશનની રચના પછી હજુ સુધી ભરવામાં આવી નથી એટલું જ નહિ સફાઈ સિવાયની અન્ય કોઈ સેવાઓ પણ સોંપવામાં આવી નથી. ત્રણ વર્ષ થઈ જવા છતાં કોર્પોરેશન સત્તા વિહોણું છે અને હજુ કેટલો સમય પસાર થશે તે અંગે પણ અનેક તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો કાળોકેર યથાવત

## પારો હજુ પણ ૪૪ ડિગ્રીએ : ભેજનું પ્રમાણ ઘટીને ૨૦ ટકા થઈ ગયું : વાલીઓએ બાળકોને બહાર રમવા જતા અટકાવ્યા : તાવ-ઝાડા-ઉલ્ટી તેમજ આંખોમાં બળતરાના કિસ્સા વધ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં આકરી ગરમીનો કાળો કેર આજે પણ યથાવત રહ્યો હતો. આજે પણ ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો હતો અને વાતાવરણમાં ભેજનુંપ્રમાણ માત્ર ૨૦ ટકા જ રહ્યું હતું. આથી દિવસ દરમ્યાન વાતાવરણ એકદમ સુકુ ભઠ્ઠ થઈ જવાથી પણ ગરમીની અસર વધુ વર્તાઈ હતી. નગરજનોમાં આકરી ગરમીના કારણે વિવિધ બિમારીના ભોગ પણ બની રહ્યા છે. ખાસ કરીને બાળકોમાં તાવ અને ઝાડાઉલ્ટીની તકલીફો જોવા મળી રહી છે. આજે પણ લઘુત્તમ તાપમાન પણ ૩૦.૫ ડિગ્રી જેટલું ઉંચુ રહ્યું હતું. ગરમીથી ફફડેલા વાલીઓમાં શાળાના વેકેશનને લંબાવવામાં આવે તેવી માંગ પ્રબળ બનતી જાય છે.

આ વર્ષે ગાંધીનગરમાં ગરમીએ માઝા મુકી છે. શહેરના લોકો દિવસ ભરની ધોમ ધખતી ગરમીથી ત્રસ્ત થઈ ગયા છે. દિવસ દરમ્યાન આકાશમાંથી સતત આગ ઓકાઈ રહી છે. જેના કારણે પંખા કે એસી વગર જાણે જીવન દોહ્યલુ બની ગયું છે. જરીક વાર માટે પણ જો પંખાથી લોકો દૂર થાય કે તરત જ પરસેવે રેબઝેબ થઈ જાય છે. સતત વરસતી આગ જેવી ગરમીના કારણે માતા-પિતા તેમના બાળકોને બહાર રમવા જવા દેતા નથી અને આમ છતાં નગરમાં અનેક બાળકોને તાવ અને ઝાડા ઉલ્ટીની અસરો થવા પામી છે, જે લોકો બહાર નીકળે છે તેમને હાથ પગની પર બળતરા સાથે લાલ લાલ ફોડલીઓ ઉપર ઉપસી આવવી વગેરે સાથે આંખોમાં પણ બળતરા સાથે આંખો લાલ થઈ જવાના કિસ્સા જોવા મળ્યા હતા. કેટલાક લોકોને પગના તળીયે બળતરા થવાના કિસ્સા પણ ધ્યાનમાં આવેલ છે.

આજે ગાંધીનગરમાં ગરમીનો પારો મહત્તમ ૪૪ ડિગ્રી રહ્યો હતો. જ્યારે લઘુત્તમ ૩૦.૫ ડિગ્રી ગરમી રહી હતી. સવારે વાતાવરણમાં રહેલુ ભેજનું પ્રમાણ ૫૬ ટકા હતુ જે ઘટીને સાંજ સુધીમાં માત્ર ૨૦ ટકા થઈ ગયું હતું. ગઈકાલના મુકાબલે આજે ગરમીના પારામાં નજીવો ઘટાડો હતો તેનું મુખ્ય કારણ પવનની હાજરી જણાય છે. કારણ કે ગઈકાલે પવન ખૂબ જ ઓછો થઈ જવાથી પારો ૪૪.૮ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જ્યારે આજે સવારે આકાશમાં વાદળો દેખાતા સવારથી ગરમીમાં થોડીક રાહત મળતે તે નક્કી થઈ ગયું હતું. જો કે વાદળોના કારણે બાફનું પ્રમાણ વધી જશે તે ભય હતો પરંતુ દિવસ દરમ્યાન સતત પવન વહેતો રહેવાને કારણે વાદળો પણ વેરાઈ ગયા હતા. પવનની હાજરીના કારણે ગરમી ૪૪ ડિગ્રીએથી આગળ વધતી અટકી ગઈ હોય તેવું જણાતુ હતુ. જો કે છેલ્લા અઠવાડિયા દસ દિવસથી સતત આકરી ગરમીથી ત્રસ્ત નગરજનોને આ નજીવો ફેરફાર કોઈ રાહત આપી શક્યો ન હતો. ઉલ્ટુ સતત ગરમીની અસરમાં નગરજનો પરેશાન જણાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર